'ભક્તિ અને ખુદાના નામો.'

જરથુશ્ત્રહે હ્યેનામ યજમઇદ્દ.

(અશો જરથુશ્તની દીનને હમો આરાધ્યે છીએ.)

અશો જરથુશ્ત્ર સાથે હમાજોર.

હમાઝોર હોજો (અશો જરથોશ્ત સ્પીતમાંનના ફરોહરને, તે સાથે અથોરનાનો, રથેસ્તારો, વાસતરીઓશો, તથા હુવેક્ષના ફરોહરોને હમાજોર હોજો, કે જેઓએ અશો જરથોશ્તનાં ફરોહરને યાદ કરીને દીનનો ફેલાવો કરવામાં મદદ કીધી.

(આફરીને રપીથવન).

સંગ્રહ કરી છપાવનાર

શેવક, દી. મે. ઈ.

[illegible] કેહે છે.

(રાગ. કાલીંગડા, ફારસીગઝુલ, તાલ,)

૧ ઇનચે શોરેસ્ત કેહરદોરે કમર મીમીનમ,
હમે આફાક પુર અઝ ફેતનઓ શર મીબીનમ

૨ હીચ શફકત ન બેરાદર બે બેરાદર દારદ,
હીચ મેહરી ન પેડરસ બપેસર મીબીનમ.

૩ દુખતરાંરા હમે જંગસતો જદલ બામાદર,
પેસરાંરા હમે બદખાહે પેદર મીબીનમ.

૪ અસપે તાઝી શુદેહ મજરૂહ બઝીરે પાલાંન
તોકે જરરી હમેહર ગરદને ખર મીમીનમ

૫ હરકસી રૂઝે બીહી મીતલબદ જી અય્યામ,
ઇલ્લત ઓનસ્ત કે હર રોઝ બતર મીબીનમ.

૬ પંદે હાફેઝ બેશનો અય ખાજે બેરો નેકી કુન,
જાં કેઇ પંદ બેહ અઝ દુરરો ગોહર મીબીનમ.

જરથોસ્તી ભાઇઓએ પોતાની મિનોઇ વૃદ્ધી આગળ વધારવી હોય, અથવા, બીજા શબ્દોમાં બોલીયે તો, પોતાના ખુદાની વધારે નજદીક પહોંચવાની ઉચી ખાહેશ થતી હોય, તો તેઓએ પોતાની નીતિને ઉંચા પ્રકારથી શણગારવા ધર્મ નીતિ પ્રમાણે ચાલવાની કોશેશ કરવી. ગોસ, દારૂ તજવાં. ઇંદ્રિઓપર કાબુ રાખવાની કોશેશ કરવી, ત્યાર પછી તે આ રાહ ઉપર દાખલ થઇ શકશે. ધ્યાન [Meditation] એ રવાનને રોશન કરવાનું, પુષ્ટિ આપવાનું મૂળ સાધન છે. ધ્યાન કર્યા સિવાય રવાનને એ માર્ગ ઉપર ઉસ્તવાર રહેવાની શક્તિ મલતી નથી, તેટલા માટે જેટલી શરીરને ખોરાકની જરૂર છે, તેટલી રવાનને ધ્યાન

કરવાની જરૂર છે એમ સમજવું. તે માટે બની આવે તો એક જગ્યા મુકરર કરવી. એકજ નેમેલા વખતે ધ્યાન કરવાથી (મેગનેટીક) પ્રવાહની સ્થાપના થાય છે, અને ધ્યાન સેહેલું થતું જાય છે. આ નિયમ અમલમાં મુકાય તેની બનતાં લગી કોશેશ કરવી. ઘણું કરી જગ્યા ઘરના એકાદ પવિત્ર અને શાન્ત ખુણામાં પસંદ કરવી; અને વખત બામદાદનો ત્રણ અને છ વાગા વચેનો પસંદ કરવો, પણ તે સૌ સૌની સગવડ ઉપર આધાર રાખે છે.

ધ્યાન શરૂઆતમાં અંતઃકરણમાં હૃદય ઉપર કરવું: આ અંતઃકરણ કાંઇ માંસનું સમજવું નહી પણ મીનોઇ [આત્મીક] સમજવું.

કુસ્તી પાદીયાબ કીધા પછી વખતસર મુકરર કીધેલી જગ્યાએ જઇ, પોતાને પસંદ

પડે તે માંથ્ર [ખોરશેદ–મેહેર નીયાએશના ફકરા અથવા ગાથાના ચોકસ હા] નજદીક અરધો કલાક કે પા કલાક ભણવા, જેથી તે જગ્યાનું વાતાવરણ શુદ્ધ થશે. પછી ધ્યાન કરવા આગ· મચ અશો જરથોશ્તની "ગુરૂ સ્તુતી" કરવી.

"ગેતીને લગતું તમામ, અને શરીર, અને હાડપીંજર, અને કૌવત અને કાલબુદ, અને જીવ અને બુદ્ધિ અને રવાન અને ફ્રવષી, અમો ભેટ આપીએ છીએ, અમો અર્પણ કરીયે છીયે—એ તમામ ચીજો અમો વખતની ઉપર સરદારી ભોગવનારા પવિત્ર અને અશો ગાથાઓને અર્પણ કરીએ છીયે." (યજસ્ને, હા. ૫૫. ફ. ૧.)

આ પછી ચિતને હ્રદયમાં લઈ જવાની કોશેશ કરવી. ત્યાં ગુરૂ [જરથોસ્ત]નું ચિત્ર ચિતવું અને થોડી મીનીટ ચિત્તને એકાગ્ર કરવા

શરૂઆતમાં મનમાં "અશેમ" અથવા "યથા"ના માંથ્ર ભણવા. ચિત્ત એકાગ્ર થયું કે તે ઉપર થોડી વાર ટેકવી રાખવું. પછી **અહુરમજદ** પર ધ્યાન કરવું. એક અનંત રોશણીનો સૂર્ય અથવા આતશ આખાં વિશ્વમાં પ્રકાશે છે, અને તેમાં હું છું અથવા તેજ હું છું, એવો ખ્યાલ કરવો. તે વેળા શરૂઆતમાં મનમાં "અહુરમજદ યસ્ત"ના માંથ્ર ભણવા અને ચિત્ત મજદ સાથ એક થવા જેવું લાગે તે પળમાં "અત્ અહ્મી" એવા શબ્દો મનમાં બોલવા. તે હાલતમાં જેટલી વાર રહેવાય એટલી વાર ચિત્તને ટેકવી રાખવાની કોશેશ કરવી.

આ પછી સૃષ્ટિની તમામ પેદાએશને આશીર્વાદ દેવા, અને ગુરૂની સેવામાં સંસારમાં કામ કરવા જાઉં છું એવી રુખસદ લઇ, પગે લાગી ફારેગ થવું. **(ન. ફ. બી.)**

ખુદાના ૧૦૧ નામ.

બામદાદના વખતમાં પુરતી પવિત્રાઇ સાથ, શાંત મને નીચે લખેલા પાક દાદાર અહુ-રમજદનાં ૧૦૧ નામો જો પઢવાને જારી રાખે તો, પઢનાર ધણી હરએક આફત યા મુશકેલીમાંથી પોતાને અજાએબ રીતે શાંત થયલો અને પોતાના સારા ઉમદા પવિત્ર વિચારોથી મીનોઇ ગેબી ચમ-તકારોના કાંઇક જાંખા ખ્યાલો સાથ પાક અહુર-મજદી રાહ તરફનો રસ્તો લેતો પોતાને જોશે.

યજદ. હર્વેસપ તવાંન. હરવસપ આગાહ. હરવસપ ખોદા. અબદહ અબી-અનજામ. બુનશાતહ. ફેરાખ-તંતહ. જમગ. પરજતરહ. તુમ અફયહ. અબરવંદ. પરવંદહ. આંનઅયાફેહ.

હુમ-અયાફુહુ. આદરો. ગીરા. આચેમ. ચમના. સપેના. અફ્જા. નાશા. પરવરા. આયાનહુ. આયધ્ન-આયાનહુ. અન-આયાનહુ. ખરૌશીદતુમ. મીનોતુમ. વાસના. હુરવસતુમ. હુસેપાસ હુર-હુમીદ. હુરનેકફરેહુ. બેશાતરના. તરૌનીસ. અનુશાક ફેરશાક, પજોહુદહુદ, ખવાપર, અવખશાયા. અબરજાહુ. અ-સિતોહુ. રખોહુ. વરૂન. અ-ફરીપહુ. બે-ફરીતફહુ. અધવઇ. કાંમે-રદ ફેરમાંન કામ. આગે-ખતન. અ-ફેરસુશ. હુમારના. સનાયા. અ-તરસ. અ-બીશ. અફરાજદુમ હુમચુન. મીનો સતીહુગર. અ-મીનોગર. મીનો નહુબ. આદર-બાદગર. આદર-નમગર. બાદ આદરગર. બાદ-નમગર.

બાહ-ગેલગર. બાહ ગેરહતુમ. આદર-
કીબરાન તુમ. બાહગરજાએ. આઅતુમ
ગેલ-આદરગર, ગેલ-વાહગર. ગેલ
નમગર. ગરગર. ગરોગર ગરાગર.
ગરાગરગર. અ-ગરાગર. અ-ગરાગરગર.
અ-ગુમાન. અ-જમાન. અ-ખુઆન.
અમુશાત હુશીઆર. ફેશુતનાં. પદમાંની-
પીરોજગર. ખુદાવંદ. અહુરમજદ.
અઅરીનકોહુનતવાંન અઅગ્રીન-નોતવાં.
વસપાન. વસપાર. ખાવર. અહુ. અવ-
ખશીહાર. દાદાર. રયોમંદ. ખુરેહમંદ.
દાવર. કેરફેગર. બોખતાર ફરશોગર.
અષેમ વોહુ ૧.

☞ ઉપલાં ૧૦૧ નામો મધેથી તરજુમો
તપાસીને પોતાને બંદબેસ્તો એક બોલ પસંદ

ફરી તે મંત્ર તરીકે મનમાં હંમેશ ઓચર્યા કરયાથી ફાયદો થાય છે. જેમકે નંબર ૪૧ મો અબરજા બોલનો અર્થ બખ્શનાર થાય છે. દી. મે.

અહુરમજદની સ્તુતી.

યાનીમ્ મનો, યાનીમ વચો, યાનીમ્ ષ્યઓથ્નેમ, અષઓનો જરથુસ્ત્રહે.

ફ્રેરા અમેશા સ્પેન્તા ગાથાઓ ગેઉર્વાઇન.

નેમો વે ગાથાઓ અષઓનીશ.

અષા યાસા નેમંધહા ઉસ્તાનજસ્તે રફેધ્રહ્યા.

મન્યેઉશ મજદાઓ પોઉરવીમ્ સ્પેન્તહ્યા વીસ્પેંગ ષ્યઓથના.

વંઘહેઉશ ખ્રતૂમ મનંઘહો યા ક્ષ્નેવીષા ગેઉસ્ચા ઉર્વાનેમ્.

યે વાઓ મજદા અહુરા પઇરી-જસાઇ વોહુ મનંઘહા.

મઇબ્યો દાવોઇ અહ્વાઓ અસ્તવતસ્ચા હ્યાતચા મનંઘહા.

આયપ્તા અષાત હચા યાઇશ રપન્તો દઇદીત ખાથરે.

યે વાઓ અષા ઉફ્યાની મનસ્ચા વોહુ અપઓઉરવીમ.

મજદાંમચા અહુરેમ યએઇબ્યો ક્ષથરેમચા અઘજઓન્વમનેમ.

વરેદઇતી આર્મઇતિશ આ-મોઇ રફેધ્રાઇ જવેંઘ જસ્તા.

યે ઉર્વાનેમ મેન ગઇરે વોહુ દદે હથરા મનંઘહા.

અષીમચા બ્યોઓથનનાંમ વીદુશ મજદાઓ અહુરહ્યા.

મવત ઇસાઇ તવાચા અરત ફ્સાઇ અએથે અષહ્યા.

[અહુનવદ ગાથા, હા ૨૮]

અહુરમજદની સ્તુતી. [તરજુમો.]

અશો જરથોસ્તના વિચાર, વાચા તથા કામ આબાદી આપનારાં (છે).

અમશાસ્પંદો ગાથાઓને કબૂલ રાખે!

અએ પવિત્ર ગાથા! તમુને નમાજ!

નમન્તાઇથી હાથ ઉંચા કરીને આએ ખુશાલીમાં હું માંગું છું.

સઉથી પેહેલ્લાં અનદીઠ આબાદી કરનાર

અહુરમજદના તમામ અશોઇ ભરેલાં કામોને, ભલાં મનની અક્કલને, જેથી કરીને દુનિયાંના આત્માને હું ખુશાલ કરૂં.

ઓ મહાજ્ઞાની સાહેબ ! ભલાં મનની મારફતે તારી નજદીક હું પોહોંચુ.

(આએ) હાઉમંદ તથા (પેલી) જે મીનો (એ) બેઉ દુનીયાના ફાયદા (જે) અશોઇથી મળે છે તે મને તું આપ.

જેઓની મારફતે ખુશાલી આપનારૂં સુખ મલે.

જેની પુર્વે બીજો કોઇ નહી એવા અહુર-મજદને તથા અય આપ તથા વોહુમનો ! તમુને હું કીર્તીના ગાયન ગાંઉ.

જેઓથી આબાદી આપનારી આર્મઇતી તથા હંમેશની દોલત (મળે છે).

મારી ખુશાલીને માટે આરાધનાઓ તરફ તમો આવો !

હોરમજદના કામોના આશીરવાદ જાણીને વોહુમનોની મારફતે મારાં રવાનને ગરોથ્માન તરફ હું લઇ જાઉં.

જયાં સુધી હું શકતી ધરાઉ છું તથા કૌવત રાખુ ત્યાં સુધી અશોઇની ખાહેશમાં રહેવાને બીજાઓને હું શીખવું.

મોનાજાત ૩૩ ફરેશતાઓની.

(આ મુનાજાત ખુશ અવાજે ભણવી.)

ઇજદ હરવસ્તુનો અમર્ગ હુસેપાસ,
ઓરેહ્મંદ અહુરમજદ નીકી-શનાસ.
ઓકુન જિન્દગાની તો મારા ફરાખ,
બ યારાંનો ખીશાંનો પએવંદો શાખ.

બેફ્રૂમા બા બહ્મન અમશાસ્પંદ,
કે દારદ બ ગીતી મરા અર્જુમંદ.
જે દીબાએ જર-બફ્ત પુશીશ મરા,
બેબક્ષદ દેહદ ખલઅતે પુર-સફા.
બ મરદુમ બેસાજદ મરા આરતી,
હમીશેહ દેહદ બર જમાંન રાસ્તી.
મનરની મરા દારદ ઉ ખુબ્તર,
રેહાનદ રવાંને મરા અજ સકર.
રસાનદ રવાનમ બ કુરસીએ અર્શ,
અબા જામેહ-એ સાજે જર-બફ્તા ફર્શ.
નેગબાને મન કુન તા અર્દીબેહેશ્ત,
કે બેદેહદ મરા જાએ રોશન બેહેશ્ત.
બ ગીતી મરા શાદ કામી દેહદ,
બ મીના બરમ મેહેરબાની નેહદ.

બેફરૂમા બ શેહેરીવરૂ અએ દાદગરૂ;
કે બક્ષદ બગીતી મરા સીમો જરૂ.

બ પીશે બુજોરૂગાંનો નામ-આવોરાંન,
મરા આમરૂઇ નેગેહદારદ આન.

બ હરૂ જા દેહદ ઈમની મરૂ મરા,
દેહદ શાદ-કામી ફજુનતરૂ મરા.

ઓકુન પાસબાનમ સપંદારૂમદ;
કે બરૂ રૂયે અર્જમ ફરાખી દેહદ.

બ જાએ અશોઆંન મુકામમ દેહદ,
બ મન શેફકતો મેહેરૂમાની નેહદ.

બ ખોરૂદાદો મરૂદાદ ફર્મા ચુનાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાંન.

કે હરૂ મુશ્કેલી કારમ આસાન કુનદ,
બ મન ચારૂ-પાયાન ફેરાવાન કુનદ.

કુનદ જાને મન સબ્જો શાદાબ નીજ,
રસાનદ નીકુ નેએમતો ખાંનો ચીજ.

તો આદરૂ યજદ કુન નેગેહબાને મન,
કે પુરૂ·ગુરૂ દારદ મરા જાનો તન.

રસાનદ બ ફીરૂજી અંદર મરા,
દેહદ ખોરૂરમીઅમ બ હરૂદો સરા.

બ આબાન એઝ્રૂમા અએ દાદગર,
કે જાનમ કુનદ રોશનો તાજેહતર.

તો ખુરૂશીદો માહ કુન મરા પારબાન,
કે અ.જ ગુરૂ પાકમ બેસાજંદ શાન.

રેહાનદ જે હર કારે મુશ્કેલ મરા,
રેહાનદ જે અંદુહો અજ બીમહા.

બેઝ્રૂમા આબા તીશ્તર અએ દાદગર,
કે બા મન કુનદ રાદીહા બીશ્તર.

બ હુરૂ જા કુનદ પાસ્બાની મરા,
બ હેલ દાનેશો હૂશ બક્ષદ મરા.

ઝીઆદત કુનદ ઓમ્ર અંદર દયારૂ,
બ પએવંદા દેલબંદા ખીશો તબાર.

ખોદાયા બેફરૂમા તો બા ગુશો રામ,
કે શાદીઓ રામેશ રસાનદ મુદામ.

બોકુન પાસ્બાન મેહેરો રઝને મરા,
બ ચિન્વદ-પુલમ હુમ નુમાયદ અતા.

દેહદ દરૂ દેલમ શાદીઓ રાસ્તી,
કુનદ દૂરમ હમવારેહ અજ કાસ્તી.

ગુનાહુમ બેબક્ષદ બ રૂજે હેસાબ,
રેહાનદ રવાનમ જે બીમે અજાબ.

સરૂશે અશોરા બેફરૂમા ચુનાન,
કે બાશદ ચું દાયે મરા પાસ્બાન.

રવાનમ્ નગેહ્દારદ અજ તરૂસો બીમ,
બ શાદી રસાનદ બ ખોલ્દે અજીમ.

બ હર શબ કુનદ પારબાની મરા,
બ દેલ દાનેશો હુશ બક્ષદ મરા.

અબા નેસ્યોસંગો હુમ અર્શીશવંધ,
બેફરૂમા કે બેદેહદ મરા હુશો હંગ.

જે સે દએ ફજૂન અફૂલો હુશામ કુનદ,
બે મન શેપ્કતો મેહેરમાની કુનદ.

ફરોહર અશોરા બેફર્મા ખોદા,
કે અજ બેહેરે મન રાહે જીનત ગુશા.

બ બેહેરામ ઈજદ તો ફરૂમા ચુનાન,
કે બાશદ નગેહ-દારમ અંદર જેઆન.

બ હર કાર યારી કુનદ ઉ મરા,
બ ફીરૂજમંદી રસાનદ મરા.

બ હર્ જા બ નીકી શવદ રેહનુમા,
બ હર્ જા કુનદ દુશ્મનમ જીરે પા.
બેફર્મા તો બા બાદ ઇજદ ચુનાન,
કે બરૂગે ગુનાહમ સરાસર ફેશાન.
બેફર્મા બ દીન ઇજદ અએ કેરૂદેગાર,
કે દારદ દેલે મન બ દીન ઉસ્તેવાર.
બ નીકુ મનશ્ને નેગેહ દારદમ,
બ યશ્તો યજશ્ને હમીશા આરદમ.
ઓહાયા બેફર્મા બ મારેસ્પંદ,
કે સાજદ બ હર્ હાજતમ સુદમંદ.
ચુ આસ્તાદો જમીઆદ આન્ હરદોઆન
હર્માશેહ બોકુન બર્ તનમ પાસ્બાન.
રસાન્ મર અનીરાનો હમ આસ્માન,
બ કામમ બેગરદદ મરા હર જમાન.

બેફર્મા બ હોમ ઇજદ અએ ગએબ્‌-દાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાન.

યકીનમ બ હર જા બેદારદ દરેસ્ત,
અબા રાસ્તી દારદા તંદરેસ્ત.

બેફર્મા બા બારૂજો ઇજદ ચુનાન,
કે ગરદદ નેગેહ-દારમ અંદર જેહાન.

દહદ પાકો પુર-નુર ફેરૂજંદ બ મન,
દહદ જુરે કુવત બ જાનો બ તન.

વનંત ઇજદ ઉ ફુન નેગેહબાને મન,
કે બક્ષદ ફેજુત હુશો દાનેશ બ મન.

બ ફહમાન બેફર્મા અએ દાદગર,
રસાનદ ઉમેદ મરા સર બસર,

બ સતવસ બે ફર્માયો બા હફ્તરંગ,
કે દુશમન નેગુન સાજદ ઉ રૂજે જંગ.

ખોદાયા બ દરગાહે ખુદ જન્ ફકીર્,
દોઆ કુન કબૂલે તો પુજેશ પજીર્.

(દસ્તુર દારાબ હોરમજદીઆર)

(ઉપલી મોનાજાતનો તરજુમો મરહુમ એરવદ કા૦ એમ કાગાની 'ચશ્ત બા માયની' મધે મળશે.)

પેગામ્બર અષો જરથોશતની તારીફ.

પેગમ્બર બહક્ક મોરસેલે બા કેતાબ,
કે દીનશ બુવદ રોશન અજ આફતાબ.
જરતુસ્તે ખોદાવંદે જાન આફરીન,
ખોદાવંદે એજાજો બોરહાનો દીન.
શહે અઉલીઆ અકમલે અમબીઆ,
હમે ગુમરેહાંનરા બદીન રેહનુમાં.
ખોદાવંદે ફરહગો દીને બેહી,
અજુ તાજેહ શુદ દર જેહાન ફરરેહી.

જરાતોશ્ત અસફન્તામાને ગુઝીન,
કે બાદા બરૂહશ હજાર આફરીન.
ફેદાયશ હમે જાને મા બંદેગાન,
કે આલમ તનો ઉ બુવદ હમચુ જાન.
બદુનીઆ જે ઉ રોશની શુદ પદીદ,
અફદલાએ મગઅકુદરા શુદ કેલીદ.
હમેહ રીમની અજ જેહાન દુર કર્દ,
ચુ ખુરશીદ આલમ પોર અજનૂર કર્દ.
રહે દીને દાદારે પરવરદેગાર,
નમુદ ઉ બખલકાનો શુદ આશકાર.
જે કોદ્દરે જલાલત હેડાયત નમુદ,
બયજદાંન-પરસ્તી બદાયત નમુદ.
હરાન કસ ખુદદ બર રેહશ બીગુમાન,
નબીનદ ગમી ઉ બહરદો જેહાન.

બદુનીઆ ઓ ઓ કુઆ શવદ રૂ સપીદ,
બર આયદ બદેલ હરચેહ દારદ ઉમીદ.

બગીતી હમીશેહ જીઅદ બાફ્રીન,
બમીનો રવદ દર બેહેસ્તે બરીન.

હજારાન સલામો હજારાન સના,
જે મા બાદ બર આન શહે અસપીઆ.

અપો. જરથોશતની તારીફનો તરજુમો.

દીનની કેતાબ સાથનો ખોદાનો મોકલેલો ખરો પેગમ્બર જેની દીન આફતાબ કરતાં રોશન છે.

જાનના પેદા કરનાર ખોદાનો મોકલેલો પેગમ્બર, તથા મોજેજા, દલીલો અને દીનનો સાહેબ.

ખોદાના વલીઓમાં સઉથી સરસ, તથા

બધા પેગમ્બરોમાં સૌથી પુરો, તથા તમામ ગુમરાહ લોકોને દીનનો માર્ગ દેખાડનાર.

દાનાઇ તથા ભલી દીનનો સાહેબ, જેનાથી જેહાંનમાં દબદબો તાજો થયો.

સ્પીતમાન જરતોશ્ત ખોદાનો પસંદ કીધેલો છે, કે તેના ફ્રોહરો ઉપર હજાર આફ્રીન હોજો!

હમો તમામ બંદાઓનો જાન તેની ઉપર ફેદા હોજો! કારણકે તમામ આલમ બદનની મીસાલે, અને તે (યાને અશો જરથોશ્ત) જાનની મિસાલે છે.

દુનિયામાં તેનાથી રોશની પેદા થઇ, તથા બંધ થયલા (અથવા ગુચવાયલા) ગાંઠોની કુંચી મળી.

પેગમ્બર જરથોસ્તે જેહાંનમાંથી તમામ રીમની દુર કીધી, તથા ખોરશેદની મિસાલે આલમને નુર ભરેલી કીધી.

પેદા કરનાર પરવરદેગારની દીનનો માર્ગ ખલકના લોકોને દેખાડયાથી તેની દીન બધે આશકારા થઇ.

તેણે અધર્મીપણું તથા ગુમરાહી દૂર કરીને રાસ્તીનો માર્ગ દેખાડયો, તથા એકજ ખોદાને માનવાનું શરૂ કરાવ્યું.

જે શખ્સ તે પેગમ્બરના બતાવેલા માર્ગ ઉપર બેશક્ક રહેશે, તે બહુ જેહાંનમાં ગમ નાહી જોશે.

આએ દુનિયાંમાં તથા પેલી જેહાંનમાં તે શખ્સ ગોરે મોઢે (યાને હસ્તે મોહોડે) જશે,

તથા તેનાં દીલની જે ભલી ઉમેદ હશે તે બર આવશે.

વળી તે શખ્સ આએ દુનિયાંમાં કીર્તિ સાથે જીંદગી ગુજારશે, અને પેલી જેહાનમાં સઉથી બુલંદ બેહેસ્તમાં જશે.

એ અબોધવાળાઓના પાદશાહની ઉપર હમારી હજારો સલામ તથા હજારો વખાણ હોજો!

દોઆ વાસ્પ હુમત.

વીસ્પ હુમત વીસ્પ હુખ્ત વીસ્પ હ્વર્શત બઓઘો- વર્શત. વીસ્પ દુશમત વીસ્પ દુજુખ્ત, વીસ્પ દુજવર્શત નોઇત બઓઘો વર્શત. વીસ્પ હુમત વીસ્પ હુખ્ત વીસ્પ હ્વર્શત, વહિસ્તેમ અંહુઇમ અશાએત. વીસ્પ દુશમત વીસ્પ દુજુખ્ત

વીસ્પ હુજ્વર્શ્તત, અચિશતેમ્ અડંહુઇમ્ અશએત. વીસ્પનામચ હુમતનાંમ્ હુખ્તનાંમ્ હ્વર્શ્તનાંમ્, વહિશ્તત અડંહુઇ; આઅત્ હચયિથ્રેમ. અશૅમ્ વૉહુ ૧).

(ત્રણ વાર)

(દોઆ વીસ્પ હુમતનો સાર.)

બુદ્ધિવાન માણુસો સાચા વિચાર, સાચા વચન અને સાચા કામો કરે છે પણ બુદ્ધિહીન માણુસો જુઠા વિચાર, જુઠા વચન અને જુઠાં કામો કરે છે. સાચા વિચાર, સાચા વચન અને સાચાં કામો માણસોને બેહસ્ત તરફ લઇ જાય છે તથા જુઠા વિચાર, જુઠા વચન અને જુઠા કામો તેઓને દોજખ તરફ ધસડી જાય છે.

દોઆ નામ સેતાએશને.

ક્ષ્નઑથર અહુરહે મજદાઑ. અષૅમ્ વોહુ ૧). બનામે યજદે બક્ષાયન્દેહે બક્ષયેશગરે મેહરબાન્. નામ્ સેતાયશને અહુરમજદ્ હમા ખુદ. ઓ હમાહરત્ ઓ હમા બેદ્. નામે યજદે સ્પેનામીનો. અન્દરઅય મીનોયાંન્ મીનો. અજશ્ ખુદ—અશ-યકુ નામ્ અહુરમજદ્અય. ખોદાએ મહેસ્ત્, ઓ તવાના ઓ દાના ઓ દાદાર, ઓ પરવરતાર ઓ પાના ઓ ખાવર, ઓ કેરફેહગાર ઓ અવક્ષીદાર, અવીજે વેહ-દાદ્ગતાની ઓ હમાજોર.

સેપાસ ઓએ વજોર્ગે હસત્યાંન, કે આફ્રીદ્ અવનીદ, ઓપ-ખેશ અન્ગાંમ્ બતી જોર ઓ દાનાઇ, અવરતરેશથ અમશાસ્પન્દાંન્ અત્દ વેશ્ યઝદાંન રોશન્ બહેશત્ ગરોથમાન્, ઓ ગેરદે

આસમાન, ઓ ખુરે તાવા, ઓ માંહે બાંમી, ઓ સતરે વશ્-તોખ્મે, ઓ બાદ્ ઓ અન્દર-વાએ, ઓ આવ ઓ આતશ્, ઓ જમીન ઓ ઉરવર, ઓ ગોસ્પન્દ્ ઓ અપોક્ષસ્ત્ ઓ મરદુમ્.

યજશને ઓ ન્યાયશને, એજ ઓએ ખોદાએ કેરફેગર, કે મેહ કર્દ, એજ હર ગેતીહા દહેશ-નાન મરદુમ પગોઆએશ, માઅન દાદ્ ઓ શોહર્યારીએ હન્ગામ્, રાઇનીદારીએ દામાંન, પરખ્મ અ ગીજશને પરહીજ દીવાંન.

નમાજ ઓએ વીસ્પ-આગાહ અશખાવર, કેશ ફેરતીદ પ જરથુશત રપેતમાંન અશો ફરોહર, અશતશએ ઓઇ દામાંન, દીનદાનેશને બરોએશને, આસ્ન ખેરદી ગોશો સ્રુતે-ખેરદી, દાનાઇ ઓરાઇનીદારીએ વીસ્પ હરતાંન, ઓ ખુદાંન,

ઓ એમાન ફ્રહુન્ગાન ફ્રહુન્ગ માથર—સ્પેન્ત, કુ એદ્ રવાન હુ—પુલ, ઓ ઝુખ્તારી એજ દુજખ, હજાર હાર, ઓએ આંને પહેલૂમ અખોઆંન, અશોઆન રોશન હેન્ડ, હુબોઇ હમા-નેકી.

પ ફ્રમાને તો ખાવર, પ ફ્રમાને તો ખાવર, પ ફ્રમાને તો ખાવર, પદીરમ ઓ મીનમ ઓ ગોયમ, ઓવરજમ દીને વેહ અવીઝે, આરતવાન હોમ પ હર કેરફે, અવાક્ષ એજ વીસ્પ બઝે, અવીઝે દારમ ખુદશ આસ્નીદે કુનશને, પરહીજશને ઓ પાક શશ જોરાંને જાન, મનશને ગવશને કુનશને, ઓ વીર ઓ હોશઓ ખેરદ.

પ કાંમે તો કેરફેગર તવાનમ કર્દ, આંને તો પરસ્તશને, પ વેહ-મનશને વેહ ગવશને વેહ વર્જશને વશાએમ રાહે રોશન, કે ઓમ નરસદ ગેરાન પજદ દોજખ, વરદીમ પએશ ગઈ. ઓ

રસમ આને બહેસ્તે પુર—ઓએ, હરવસ્પ-
પેસીદે ઓ હમાખારી.

સેતાયશને ઓએ અવક્ષીદાર ખોદા, કુકાંમે કેરફે પાક દહેશને કુનન્દ, ક્રમાંન રાઇનીદારાંન, અવદૂમ ખુર્જેદ દરવન્દાન અચ એન્જ દોજખ, ઓ અવીજેહા વીનારેદ વીરપ☞સેતાએશનેએ દાદર અહુરમજદ, હરવસ્પ આગાહ ઓ તવાના ઓ તવન્ગર. હફ્ત અમેશાસ્પન્દ ઓ બેહરામ યઝદે પીરોજગર, દુશમન જદાર, અમ હુતાશને બેરસાદ, અષેમ વોહુ ૧. (ત્રણ વાર પઢે.)

(સાથે રોજ માહ યાદ કરવો.)

(દોઆ નામ સેતાયશનેનો સાર.)

પાક ખોદા જે નેઆમતનો બક્ષનાર, ગુનાહ માફ કરનાર, બુલંદ દરજ્જાનો, ઇનસાફી, સર્વે

શક્તિમાન, ગેબીઓમાં ગેબી, સર્વજ્ઞાની તથા સઘળાનું પોષણ કરનાર છે તેની હું સ્તુતી કરૂં છું. તેજ સાહેબ સઘળી દુનિયાને પેદા કરનાર અને તેનો અંત લાવનાર છે. તેણેજ આસમાન, જમીન, પાણી, સુર્ય, ચંદ્ર, તારા, રોશની, હવા ગરમી, ઝાડપાન, ગોસ્પંદ વગેરે પેદા કીધું છે. એ બધાઓમાં તેણે માણસને અક્કલ આપીને સઉથી ચઢતે દરજ્જેનું બનાવ્યું છે. તેણેજ પેગમ્બર જરથોસ્તને દીન આપી આએ દુનિયામાં મોકલ્યા. તમામ બદ હવસોને દાબી સવાબના કામો હું કરૂં જેથી કરીને મારાં મરણ પછી ચીનવત પુલ આસાનીથી પસાર કરૂં અને બુલંદ બેહેશતનું ઉત્તમ સુખ મેલવું. દાદર હોરમજદ, સાતે અમશાસ્પંદ અને ફ્તેહમંદ બેહેરામ ઇજદ મારી મદદે પોંહચો.

(એરવદ બજાંની ખોરદેહ અવસ્તા પરથી.)

દોઆ તંદરોસ્તી.

તનદરોસ્તી દેર જીવસ્ની આવાંયદ ખોરેહ અંગદ અશહીદાર યજદાને મીનોઆંન યઝદાંને ગેતીઆન હફ્ત અમેશાસ્પદાંન મ્યજદ રોશન હમે ખેરસાદ ઇન દોવાયાં બાદ ઇન ખુઆહાં બાદ હમે અંદર કસાંરા જરથુસ્તી દીન શાદ બાદ અયદુન બાદ યા બારી ખોદા ખોદાવદે આલમ રા હમે અનજુમન રા [હયાં ભણનારે પોતાનું અને પોતાનાં સર્વે વાહલાંઓનું નામ પઢવું.] રા બા ફ્રરજંદાન હજાર સાલ દેર બેદાર શાદ બેદાર તંદરોરતી બેદાર અએહુન બેદાર બર સરે અરજાનીઆં સાલહાએ બેશ્યાર વ કરનહાએ બીશુમાર બાકી વ પાયંદેહ દાર હજારાંન હજાર આફરીન બાદ. સાલ ખોજસ્તે બાદ રોજ ફ્રરોખ બાદ; માહ મુબારક બાદ; ચંદ સાલ ચંદ રોજ ચંદ

આહ બેસ્યાર સાલ્ર અરજાની દાર; યજશને વ નીઆગ્એશને વ રાદ્રી વ જોર બરશને અપદીદાર અવરે હમા કારો કેરફેહા તંદરોસ્તી બાદ; નેકો બાદ; ખુબ બાદ; અએદુન બાદ. અએદુન તરજ બાદ ૫ યજદાંન વ અમેશાપંસ્દાંન કામે બાદ. અષેમ વોહુ (૧)

પાંચ વખત ફરજ માટેની બંદગીઓ.

ગાહે હાવનમાં—સરોશબાજ, હાવન ગેહ, ખુરશેદ-મેહેર નીઆએશ, દુઆ વીસ્પ હુમત, દુઆ નામ સેતાયશને, ચારે દિશાનો નમસ્કાર, હોરમજદ યસ્ત અને બીજી કોઈ બી યસ્ત ભણવી. (સહવારનાં પોહોરથી તે બપોરના ૧૨ કલાક સુધી)

ગાહે રપીથ્વનમાં—ખુરશેદ-મેહેર નીઆએશ અને રપિથવન ગેહ, અર્દીબેહસ્ત યસ્ત. (બપોરનાં ૧૨ કલાકથી ૩ સુધી)

ગાહે ઉજીરનમાં—ખુરશેદ-મેહેર નીઆ-એશ, ઉજીરન ગેહ અને સરોશ યસ્ત હાદોખ્ત.

(પાછલાં પોહોરનાં ૩ કલાક પછીથી સાંહાંજ સુધી)

ગાહે અઇવિસ્રૂથ્રેમમાં—કુસ્તી પાદીઆબ, ચેરાગનો નમસ્કાર. સરોશબાજ, અઇવિસ્રૂથ્રેમગેહ અને સરોશ યસ્ત વડી.

(સાંહાંજ પડીઆ પછીથી રાતનાં ૧૨ કલાક સુધી)

ગાહે ઉશહેનમાં—સરોશબાજ, ઉશહેન ગેહ, હોરમજદ યસ્ત.

(રાતનાં ૧૨ કલાક પછીથી તે બામદાદ સુધી.)

કામ ધંધાની રોકાણને લીધે ટુંકી બંદગી.

ગયા બહેરામ રોજે પુણાની બઝમે રોજે બહેરામ તરફથી રાખેતાનુ જશન સાંજે સાત વાગતે થયુ હતું. જશન પછી દસતુરજી સાહેબ સરદાર કેકોબાદ આદરબાદે "બંદગી કરવાની અગત્ય, અને દરેક જરથોસતીએ દરરોજ એક ટુંક બંદગી પણ કરવી જોઇએ," એ બાબદપર ભાશણ કીધું હતું. જેની મતલબ એ હતી કે આપણુ દરેક જરથોશતીની ફરજ દરરોજ ત્રણવાર ખોરશેદ મહેરનો નીઆએશ, હોરમજદ યસત વગેરે કરવાની છે, પણ હરેક જણ જેઓ કામધંધાની રોકાણને લીધે વધારે વખત ફાજલ પાડી શકતા ન હોય તેઓએ, જરૂર "દુવા નીસપ હુમત, તથા દુવા નામ સેતાએશને," એ બે મોનેબર બંદગીઓ દર-

રોજ પઢવી, કારણ કે એ એજ બંદગીઓમાં આપણા બુલંદ ધર્મની ઉત્તમ નીતી રીતી તથા ઉત્તમ ફરમાનો સમાયલાં છે, વગેરે અને વળી આ મોતેબર બંદગી દશ મીનીટમાં થઇ શકે છે. ક જેટલો વખત ફાજલ પાડવાને દરેક જરથોશતીને સહેલાઇથી બની શકશે.

(જામે જમશેદ તા૦ ૮-૩-૧૯૧૪.

ચેરાગના નમસ્કારનો સાર.

દાદાર હોરમજદને ખુશાલ કરૂં છું. હોરમજદના આતશને હું નમન કરૂં છું. અને તમામ ગુનાહથી પસ્તાવો કરૂં છું.

જમવાની બાજનો સાર.

જે નીયામત ખાણું મને મળ્યું છે તે માટે દાદાર હોરમજદનાં હું સુકરાનાં કરૂં છું. જેણે

અનાજ પાણી, વનસ્પતી વગેરે આપણાં ખોરાકની સારૂં ઉત્પન્ન કીધું. જે માટે આએ જગોએ તેનો આભાર માનું છું.

"મેં બધું કિમિતુ કરી જોયું, તો સેવટ મને ખુદાથી વધુ સરસ કાંઇ છે એવું જણાયું નહિ. તેની (ખુદાની) એક રતિથી જેનાં હૈયામાં પેસી જશે તેનું શરીર સોના પેરે થઇ જશે યાને ખરૂં સોનું તેને હાથ આવી જશે." કબીર.

અનેકના ભલા વિચારો.

૧. માણુસનો જીવ પવિત્રાઇ ચાહે છે, પણ તેનું મન તેમાં હરકત નાખે છે. માણુસનું મન શાંતિ ચાહે છે, પણ તેની વાસનાઓ તથા ખાહેશો તેના મનને ઘસડી લઇ જાય છે. આદમી જો પોતાની ખાહેશોને હમેશાં હાંકી કાઢે તો તેનું મન પોતાની મેળે શાંત થઇ જાય. માણુસો

આ હાલતે પહોંચી શકતા નથી તેનું કારણ એ છે કે તેમનાં મન સ્વચ્છ થયાં નથી. અને તેમની વાસનાઓને હાંકી કાઢવામાં આવતી નથી. જો કોઈ પોતાની વાસનાને હાંકી કાઢી શકે, અને પછી જો તે પોતાનાં મન તરફ જોશે તો તેને માલૂમ પડશે કે મન તેનું પોતાનુ નથી; અને ત્યાર બાદ તે દુરની બાહારની વસ્તુઓ તરફ જોશે તો તેને માલમ પડશે કે તે વસ્તુઓ સાથે તેને કાંઇબી સ્નાન સુતક યા લાગતુ વળગતુ નથી—(Taoism : from Classic of Purity.)

૨. માનસિક શરીરની વૃદ્ધિ કરવા માટે ઉપયોગી ઉપાય છે તે એકાગ્રતા કરવાનો રોજનો માહવરો છે, એટલે થોડી વાર મનને કોઈપણ એક નેક વસ્તુ ઉપર ચોંટેલું રાખવું, અને તે વસ્તુપરથી

બેસવા દેવું નહી. જો મન તે વમાસેલી વસ્તુપરથી ખસી જાય, અને કોઇ બીજી બાબદ ઉપર ભટકી જાય, તો તેને પાછું જે રસ્તે તે ભટકી નાઠું હોય ત્યાંથી તેજ રસ્તે પાછું લાવી તેજ વમાસેલી વસ્તુ અથવા ખ્યાલ ઉપર ચોંટાડેલુ રાખવુ. આપણાં મનને કાંઇ પણ બાબદ ઉપર વીચાર કરવા કરતાં એકદમ એક બાબદ ઉપરથી તદન બીજી અને ન્યારીજ બાબદ ઉપર કુદકા મારી જવા દેવું નહીં; પણ મનને એક બાબદથી નિપજતી તેનીજ હરોલમાં આવતી બીજી બાબદ (consecutive) ઉપર ધીરે ધીરે આવવા દઇ મનને વમાસણ કરતુ રાખવું.—(Man and His Bodies)

૩. જો બુરા અને વિષઈ વિચારો આપણી અંદર ઘુસી આવી આપણને રંજીદા કરતા હોય

તો તે વેળા આપણે ચરખડાં નામનાં આશ્રા હેઠળ બનાઇ વેવી જોઇયે.—(દસાતીર)

૪. સંપુર્ણતા પામેલા મહા પુરૂષો અને ઇશ્વરી આદમીઓ ઉપર મનન કરવાથી, માણસ ઇશ્વરી આદમી બની જાય છે. આવા પવિત્ર પુરૂષો ઉપર મનન કરવાથી, તે મહા પુરૂષોની સીફત તેનાં પુંજારીને પોતાની ખાસિયતમાં બદલી નાંખે છે; અને ઇશ્વરને લગતા દરેક ખ્યાલો, વમાસણો, આપણી અંદર વ્યાપેલાં ઇશ્વરી પુરૂષાર્થની સેતાબ વૃદ્ધિ કરવામાં મદદ કરે છે, તો આપણી ભક્તિ માટે શ્રેષ્ટ એવો એક ખ્યાલ, ધ્યાન, ધારણા, આપણે લીધો હોય તેમ આપણી વૃદ્ધિ સેતાબીથી થઇ આપણે તે મૂર્તીનાં જેવીજ શ્રેષ્ટ લાયકાતમાં બદલાઇ જઇયે છીયે.—(The Search for God.)

૫. ભાઇ સાહેબ! જો તમારૂં દીલ સાફ હશે તો સવર્ગ તમારી પાસેજ છે; પણ જો તમો મેલા વિચારો વધારતા હશો, અને કદપી આખો દહાડો ભણતા ગણતા અને મત્ર જપતા હશો તોયે તમોને તે સ્વર્ગીય સુખને પોંહોંચી વળવું મુશકેલ છે. જ્યાં અંતઃકરણ સાફ હોય છે ત્યાંજ પ્રાર્થના સમાજ હોય છે, ત્યાંજ પવિત્ર ભુમી નિર્વાણ હોય છે—(Chinese Buddhism.)

૬. ખરાબ માણસની સોબતમા બેસવા કરતાં એકલુ બેસવુ સારૂ છે; એકલુ બેસવા કરતાં સારા માણસ સાથે બેસવું સારૂં છે. મુંગા રહેવા કરતાં જે કોઇ જ્ઞાન માટે તલબ કરતું હોય તેને શબ્દો કહી સંભળાવવા એ સારૂં છે; અને ખરાબ શબ્દો ઓચરવા કરતાં

મુગું રહેવું સારૂં છે.—(The Sayings of Muhammad.)

૭. ચુપકીદીઓ અથવા ખામોશીઓ ત્રણ જાતની હોય છે:—પહેલી શબ્દોની ખામોશી યાને વધુ બકબક નહી કરવી; બીજી ખાહેશોની ખામોશી, યાની દુન્યવી ખાહેશો દિલમાં ઉઠવા દેવી નહી; અને ત્રીજી વિચારની ખામોશી, યાને બુરા અને નકામાં વિચારો મનમાં આવવા દેવા નહી. પહેલી ખામોશી સપુર્ણું છે, બીજી વધારે સંપુર્ણું છે, અને ત્રીજી સર્વેથી સંપુર્ણું છે. શબ્દોની ખામોશીથી સદ્ગુણો મેળવાય છે; ખાહેશોની ખામોશીથી શાંતતા આવે છે; અને વિચારોની ખામોશીથી અંતરજ્ઞાન (Intuition) ઉત્પન થાય છે. શબ્દોની, ખાહેશોની, અને વિચારોની ખામોશી અખત્યાર

કરવાથી એક આદમી એક ખરેખરી મિનોઇ ચુપકીદીમાં દાખલ થાય છે, જે હાલતમાં ઇશ્વર તેનાં જીવને શબ્દો કહી સંભળાવે છે, અને તેને ઘણુંજ શ્રેષ્ટ અને સંપુર્ણ મિનોઇ જ્ઞાન અને ઊંડપણ ઉંડાણથી શીખવે છે.—
(Golden Thoughts from Molinos.)

૮. ગુસ્સો ગુસ્સાને જગાડે છે, મોહબત મોહબતને જગાડે છે, નરમાસપણું નરમાસપણાને જગાડે છે. બુરાનો બદલો બુરૂં કરીને વાળવાથી જોર વધે છે, પણ બુરાંને બદલે ભલાઇ કરવાથી બુરૂં શાંત થઇ દફે થઇ જાય છે. મોહબતની ધ્રુજનીઓ (vibration) અથવા પ્રેમ-રસનો ઝરો બીજાઓમાં મોકલાવી તેમની મોહબતની ધ્રુજનીઓ સચેત કરવી, કે જેથી તેઓમાં જે કાંઇ ભલી લાગણી હોય છે તે

લાગણી જાગૃત થાય છે, અને બુરી લાગણીઓ ઝપટ પડી નાબુદ થાય છે. એવી રીતે આપણા ભલા જુસ્સાઓ યાને મનોવિકારોનો ઉપયોગ આદમીઓ વચ્ચેની આપણી દરરોજની જીંદગીમાં કરવો જોઇયે. પરસ્પર મલતાવડા મનોવિકારોની યાદ ધ્યાનમાં રાખી તેમનો ઉપયોગ કરવો ઠીક થઇ પડશે; જેમકે મગરૂરીને નરમાસથી, અસભ્યતાને મોહબતથી, ઉધ્ધતાઇને શરણાગતથી કઠોરપણાને નમ્રતાથી, ખીજવાટને શાંતપણાંથી, વાતો જવાબ આપવાથી સામેવાળાંનો બુરો વિકાર નાબુદ બનશે. આ પ્રમાણે આપણી ખાસિયત આપણે રચી શકયે છિયે, કે જેની બરકતથી સઘળા ભુંડા વિકારોને તેમના પરસ્પર મળતા ભલા વિકારોથી જવાબ આપી શાંત પાડીએ છીયે, અને તેવાં કામથી

આપણી આસપાસ ભુંડાઇનો ઘટાડો કરી ભલાઇનો વધારો કરવાનું પરમાર્થી કામ આપણે હાથે થાય છે.— (A Study in Consciousness.)

૯. આપણી ઉપર દુઃખ કયાંથી આવે છે તે કર્મના કાયદાથી જાણીને, જે કોઇ સહન-શીળતાથી સર્વ કાંઇ દુઃખ ગમથી સહન કરે છે અને એ પ્રમાણે આગલાં કર્મોનું કરજ મોહબત અને પ્રેમથી અદા કરી નાખે છે; જે કોઇ પોતાની ઉપર માગતું લેણું સર્વ અદા કરી પોતાનાં રોગીષ્ટ લોહીમાંથી જુડાણું અને મેહવતનો કેરકચરો કાઢી નાંખી પવિત્ર બને છે અને પોતાની ઉપર પડતા આજાબ, સંતાપ, દુઃખો અને ગરીબાઇ સહન કરી, તેના બદલામાં ભલી ભલાઇ અને આશીર્વાદજ આપે છે; જે

એઇ દીવસે દીવસ વધુ દયાળુ, પવિત્ર, પ્રમાણીક, પ્રેમી, અને સાચ્ચો થતો જાય છે, અને પોતાનાં દીલમાં જડ ઘાલી બેઠેલી વાસનાંઓને જડમુળથી ઉખેડી નાખે છે, તે આદમી નિર્વાણ જેવાં એઇ ઇશ્વરપદને પામે છે, અને ઇશ્વર સાથે ઐક્યતા મેલવે છે—તે અમર બને છે. તે આદમીનાં જીવનાં એક ટીપાંમા ઇશ્વરી મહાસાગર સમાઈ જઈ તે ટીપાંને મહાસાગર જેવું એઇ બનાવી દે છે.—(Light of Asia.)

૧૦. જો તમો ગુસ્સો, કંટાળો, અદેખાઇ, અથવા એવાજ ખળભળાટવાળી આકુળવ્યાકુળ મનની હાલતને વશ થતા હો, અને તમો પોતાને શરીરની તંદોરસ્તી ઇચ્છતા હો, તો તમારી ઇચ્છા ફોકટ છે. ડાહ્યું આદમી મનની આવી હાલતોનો હમેશાં ત્યાગ કરે છે, કારણકે મનની એવી

હાલત એક ગંધ મારતી ગટર અથવા મરકીથી ભરેલાં ઘર કરતાં પણ વધુ જોખમ ભરેલી છે.— (From Poverty to Power.)

૧૧. જેનું દીલ સાફ છે, અને અતઃકરણ ચોખું છે, તે પોતાનાં દિલમાં વસી, આનંદી દીવસો ભોગવે છે પણ જે કોઇ પોતાનાં દિલમાં મેલા વિચારો અને કીનાકપટનાં ખ્યાલો ધરાવે છે, તે તો બપોરના તડકામાં ચાલતો હોય તોયે અંધારી રાતમાં ગોતાં ખાતો હોય તેમ ઠોકરાય છે, અને પોતેજ પોતાનું દોજખ બને છે—(Milton.)

૧૨. ઘણી બંદગી કરતાં વિશેશ ગ્નાન સારૂં છે, પરહેજગારીથી ધર્મનું રક્ષણ થાય છે. આખી રાત બંદગીમાં રોકાવા કરતાં રાતનો એકાદ કલાક બીજાંને ગ્નાન આપવામાં રોકવો વધારે સારૂં છે.

(મહમદ સાહેબ પેગામ્બરની શીખામણ.)

૧૩. જો તમોને બિનોઇ જ્ઞાન નહીં મલતુ હોય તો જાણવું કે તેનું કારણ તમારાં દિલોના દરવાજા સુનાની ચાવીથી, કીર્તિની સત્તાની કીલીથી, સાંકળથી, દુન્યાની મોજશોખ ભોગવવાની કુંચીથી, બંધ થયલા છે. તમારાં દિલો આવી તરેહની ચાવીઓથી બંધ પડેલાં હોય તો પછી તેમાં ડાહપણનાં શીક્ષણ પ્રવેશ કરી શક્તાં નથી. પણ તમો જો તમારાં દિલોનાં દરવાજા ખુલ્લા કરી નાખો, અને તેને લગતી ચાવીઓ ફેંકી દો, તો તમારાં દિલમાં આત્મજ્ઞાનની ભરતી થતી તમોને માલમ પડશે, કે જે માત્ર અંદર આવવાને માટે ખોટી થઇ રહેલી હતી.—(Avataras.)

૧૪. અધ્યાત્મ વિદ્યા જે જાવેદાને ખેરદ અથવા જીંદગીની વિદ્યા છે, તે પહેલાં પાદશાહો અને રાજાઓને શિખવવામાં આવતી હતી, અને

તેટલા માટેજ એ વિદ્યા રાજ વિદ્યા યા રાજ ગુહ્ય નામથી ઓળખાવા લાગી. રાજાઓ અને પાદશાહો મારફતે રૈયતમાં તે પ્રસરતી હતી. માત્ર એ આત્મવિદ્યાનું જ્ઞાન મેળવ્યાથીજ એક આદમી ખરેખરી મનની શાંતિ મેલવી શકે, અને પોતાનું ખરૂં કર્તવ્ય કરી શકે, પછી તે રાજા હોય કે સાધારણ આદમી હોય.—(મનુસ્મૃતિ)

૧૫. તારી આગળ આવેલા ખોરાક તરફ માનથી જો, અને વખાણ અને ઉપકાર સહીત તે ખોરાક ખા. ખોરાક જોઇ રાજી થા, અને આનંદથી તેને આર્શીર્વાદ દે. આ પ્રમાણે ચહવાયલો અને માન પામેલો ખોરાક સ્નાયુને બળવાન કરે છે, અને જ્ઞાનતંતુઓને તાકાતવાન બનાવે છે. અસંતોષી-પણે અને ખળભળાટથી ખાધેલો ખોરાક સ્નાયુ અને જ્ઞાનતંતુઓનો નાશ કરે છે.—(Hind.)

૧૬. દુનિયાનાં તારણુ કરનાર થવુ એટલે શું? તેનો અર્થ એમ છે કે તમે જો જ્ઞાની થાઓ તો તેથી દુનિયાનું અજ્ઞાનપણું સહેજ કમતી થાય; તમો પવિત્ર થાઓ તો દુનિયાનું પાપ લગાર ઓછું થાય; દુનિયાની દીલગીરીમાં તમો ભાગ લેતા હોવ તો દુનિયાની દીલગીરી લગાર ઓછી થાય છે. તમો તમારી તાકાત અને બળ દુનિયાને માટે વાપડતા હોવ તો દુનિયાની નબળાઇ લગાર ઓછી થાય છે.—(The Inner Purpose of the Theosophical Society)

૧૭. જે આદમીઓથી બીજાને સુખ પહોંચે છે, તે આદમીનેજ સુખ આવી મળે છે.—"ગાથા."

૧૮. જ્યારે શરીરનાં એક અવ્યવમાં કાંઇ દુઃખ થાય છે ત્યારે આખાં શરીરમાં દુઃખ થાય છે.

તેમ તું પણ જો બીજાં આદમીનાં દુઃખથી દીલ- ગીર થાય નહી તો તુંને માણુસ કહેવો લાજમ નથી.—(ગુલેસ્તાને શેખ સાઆદી)

૧૯. સુખને શોધવા હું મોટાં મોટાં ઝાડો અને બગીચાઓમાં ભટક્યો, પણ ત્યાંથી તે સુખ નાસી ગયું, અને મેં તેની પૂઠ મોટી મોટી ટેકડીઓ અને ખીનો, તેમજ ખેતરો અને મેદાનોમાં પકડી, અને તે સુખ મને છોડી મોજાઓથી ઉભાતા દરીયાઓ પણ પસાર કરી છટકી ગયું. હું ત્યાર બાદ સુખ શોધવા ઉચી ટેકડીઓ જ્યાં ગરૂડ પક્ષીઓના રહેઠાંણો હોય છે ત્યાં ગયો, તેને ઢુંડવા હું દરેક જમીન અને પાણીમાં ફરી વળ્યો, પણ સુખ તો હમેશાં મારી આગળથી છટકી જતું હતું. થાકીને ત્યાર બાદ સુખ શોધવાથી મેં

મારો હાથ ઝાલ્યો અને એક વેરાન જગ્યાએ નિરાશ થઇ બેઠો. ત્યાં એક આદમી મારી આગળ આવ્યું અને કાંઇક ખોરાક મારી પાસે માગ્યો; બીજું આદમી ત્યાં મારી આગળ આવ્યુ, અને કાંઇ દાન માટે ખ્વાહેશ કીધી. તે હાડપીંજર જેવી ભીખારી હથેલીઓમાં મેં ખોરાક અને દાન મુકયું. ત્યાર બાદ મારી આગળ એક આદમી કાંઇક વિસામો લેવા આવ્યુ, અને બીજું આદમી મારી સલાહ અને જ્ઞાન માટે આવ્યું. હું મારી મકદુર પ્રમાણે તેમને મદદ કરતો હતો, અને, જુવો! મધુર સુખ મિનોઇ લેબાસમાં મારી આગળ આવ્યું અને મારા કાનમાં મમતાથી કહ્યું "હુ તારૂંજ છુ"—(Burleigh).

૨૦ જોકે ગાયો જુદા જુદા રંગની હોય

છે, તોયે તે મચ્છીનું દુધ એક સરખું સફેદ હોય છે, તેજ પ્રમાણે જોકે આપણાં સર્વનાં શરીરો જુદી જુદી તરેહના કે રંગના હોય છે તોયે આપણ સર્વે મધ્યે વસ્તો આત્મા એકજ તરેહનો છે.—(ઉત્તર ગીતા)

૨૧. આત્મા કદી પણ જન્મ લેતો નથી, આત્મા કદી મરણ પામતો નથી; કોઇ પણ કાળે તે હતો નહીં એમ નથી અવ્વલ અને આખેર આત્માનાં આગમન ન સમાન છે. જન્મ રહીત, મરણ રહીત, આત્મા હમેશાં અચળ છે. મોતે કોઇ કાળે આત્મને હાથ લગાડ્યો નથી, જોકે આત્માનું ઘર (શરીર) મરણ પામેલું દેખાયછે.—(ભગવદ ગીતા)

૨૨. જેઓ એવા મોટા ખ્યાલમાં રહેછે કે ઇશ્વરને રાજી રાખવા માટે હમેશાં ઉપવાસ અને

ગમગીન રહેવું અને દરેક જાતનાં સુખથી પરહેજ રહેવું તેઓ પોતાના ખ્યાલમાં આડે માર્ગે જાય છે. ખુદ ઇશ્વરની જીંદગીજ આનંદ છે તેથી જેઓ આનંદ સ્વરૂપે રહેતાં હોય તેઓથી ઇશ્વર નારાજ થતો નથી.—

(The Search for Happiness.)

---

૨૩. જે વેળા આપણી ઉપર ઇશ્વરી પ્રસાદનો વરસાદ વર્ષે તે વેળા આપણે ખુશ મીજાજી અને શાંત રહી શકયે તેમાં આપણી બહાદુરી શી? આવો સમય તો સર્વે કોઇ ચાહે છે. મોટા મોટા સતો અને મહા પુરૂષોનો પણ કોઈ વેળા એવો સમો આવે છે કે જે વેળા તેઓ મધેથી પણ શાંતિ અને મધુરતા જતી રહે છે, તો આપણ કંગાળ માણસોમાં એમ થાય તેમાં નવાઇ શી? ઇશ્વર તેની મરજી માફક આપ-

ણુામાં આવો આત્મીક મિનોઇ આનંદનો પ્રસાદ રેડે છે યાનો પાછો ખેંચી લે છે. ઇશ્વરને હાથે આપણી ઉપર ફટકા, આફતો, સંતાપો, જેબી કાંઇ આપવામાં આવે તે સબુરીથી સહન કરવું જોઇયે, કારણ કે એવી હાલતો તે આપણી ઉપર લાવીને આપણો મુકિતનો માર્ગ ખુલે છે. એવું માણસ આપણને કયાં મલી શકશે કે જે કાઇ પણ બદલો કે મિનોઇ આનંદ કે કશાની પણ ખાહેશ કર્યા વિના લોક સેવા કરી ઇશ્વરની ખીદમત બજાવે છે.—(The Imitation of C.)

૨૪. શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છેઃ "જે આદમીઓની ઉપર મારી અતિશે પ્રીતી અને મહોબત છે તેઓની પાસેથી દુનિયાદારી ને સઘળી એશઆરામત, પૈસા-ટકા હું છીનવી લઉં છું યાને તેમને ગરીબ મુફલેશ બનાવી દઉં છું."—(બા. પુ.)

૨૫. નીમેલે વખતે દરરોજ કરવામાં આવતુ ધ્યાન (Meditation) ની મતલબ એ છે કે તેથી હર–હમેશાં ધ્યાનમાં રહેવાનો માહવરો થાય. હાલમાં ધ્યાન રોજ તો માત્ર થોડોક વખત લે છે, ત્યાર બાદ તે સઘળા વખત ઉપર ફરી વળશે, અને ત્યાર પછી તે આખી જીંદગીમાં ફેલાઇ રહેશે. યોગીનેઃ એક એવો વખત આવે છે કે તેને દીવસના એકાદ અમૂક વખતેજ ધ્યાન કરવાનુ હોય છે એમ કાંઇ હોતુ નથી, કારણ કે તેની સઘળી જીંદગીજ ગોયા ચાલુ ધ્યાન છે. તે બાહ્ય કાયાનું ગમે તે કામ કરતો રહે તોપણ તે કરવામા પણ તે ધ્યાનમાંજ રહેલો હોય છે; અને જ્યારે તેનુ મન અને હાથોઃ દુનિયાંનુ કામકાજ કરવામા રોકાયલા હોય છે ત્યારે ગોયા તે પોતાના ગુરનાં ચરણેધ્યાનમાં બેઠલોજ ગણાય છે.—(Path of Discipleship)

૨૬. મનની ઉપર કાબુ ધરાવાને માટે એટલી ધીરજ અને ચાલુ ખંતની જરૂર છે કે જેવી એક આદમી એક ઘાસનાં તણખાંથી ટીપુ ટીપુ પાણી કાઢી એક સમુદ્ર ખાલી કરવાની ઉલટ અને ધીરજ રાખી શકે.—(ગઉડાપાદાચાર્ય.)

૨૭. માત્ર દવાનું નામ લેવાથી રોગ જતો રહેતો નથી, પણ ખરેખર દવા પીવાથીજ તેમ થાય છે; બ્રહ્મને વાસ્તવિક રીતે પામવા વગર માત્ર બ્રહ્મની વાતો કરવાથી કાંઈ મુકિત મલતી નથી. બાહ્ય પદાર્થ જ્યાં સુધી ભિત્તરનાં અંતરાયમાં ગુમ થઇ જાય નહી, જ્યાં સુધી આત્માનું તત્વ મેળવાય નહી, ત્યાં સુધી બ્રહ્મને લગતી વાતો કરવાથી મુકિત મલી શકતી નથી—આવું માત્ર બ્રહ્મ કમ તો ફોકટમાં શ્વાસની બરબાદી કરવા જેવું છે.—(વીવેક.)

૨૮. અભણ કરતાં ચોપડીઓ રાખનારાઓ શ્રેષ્ટ છે. ચોપડીઓ રાખનારાઓ કરતાં જેઓ ચોપડીની વીગતો યાદ રાખી શકે છે તેઓ શ્રેષ્ટ છે. આવી યાદદાસ્ત રાખનારાઓ કરતાં જેઓ તે બાબતનો સાર અસાર વિચારથીસમજ મેળવી શકતા હોય તેઓ શ્રેષ્ટ છે. જેઓ સાર૰ અસાર વિચાર કરી શકે છે તેમના કરતાં પણ જેઓ સારઅસાર વિચારે મેળવેલાં જ્ઞાનને વહેવા-રમાં મેલે છે તેઓ શ્રેષ્ટ છે.—(મનુસ્મૃતિ.)

૨૯. સદગુણો જાણવા એટલુંજ બસ નથી, તે સદગુણો આપણે મેળવવા જોઇયે. સદગુણોની માત્ર વખાણ કરવાથી કાંઇ વળ્યું નહી, તે સદગુણો આપણે પોતે આપણામાં રચી તે પ્રમાણે અમલ કરવો જોઇયે.—(Confucius.)

૩૦ હેવાની ખાસીયતને સદંતર તર્ક કરવાથી (મિનોઈ હૈયાતી તેમાં પ્રવેશ કરે છે, અને તેથી હવે નીચલો જીવ પહેલાંનાં કરતાં વધારે પ્રકાશીત બની જાય છે. તે આદમી પોતાને માટે કાંઇ પણ ચાહતો નથી, અને સઘળું કાંઇ તેની આગળ આવે છે, તે કશા માટે આરજુ રાખતો નથી, અને માંગ્યા વગર સઘળું તેની પાસે આવી પડે છે. તે કશાની પણ માંગણી કરતો નથી અને કુદરત તેનાં પગ આગળ ખજાનો રેડે છે. જે કાંઇ પોતાની પાસે હોય તે સઘળું તે આદમી આસપાસ રેડતો યાને આપતો રહે છે. જોકે તે હંમેશાં પોતાને ખાલી કરતો રહે છે તોયે તે હમેશાં ભરપુર રહે છે.—(Proofs of the Existence of Soul.)

(મરહુમ ના. મ. દેસાઈના માનાઇના ગોહરોપરથી.)

મરહુમ નામદાર શેહેનશાહ ૭ મા એડવર્ડની ધરમ ઉપર જાંફેશાંની.

પોતાના પ્રિગ્ની ધર્મ ઉપર પ્રિન્સ અતિશય જાનફેશાંન હતા, ધર્મના ફરમાનોનુ તેઓ કદીએ ઉલ્લંઘન કરતા ન હતા. રવીવારનો દિવસ આશાયશ અને ખોદાતાલાની બંદગીનો હોવાથી તે દિવસે તેઓ કાંઇ પણ કામ કરતા નહી. એક વાર ફ્રાન્સમાં એવું બન્યું કે ત્યાના રાજકર્તા મારશલ મેકમોહોને ઘોડદોડની શરતમાં ભાગ લેવા પ્રિન્સને આમંત્રણ કરયું. તે દહાડો રવીવારનો હતો. સબબ તેવણે મહારાણી ઉપર તાર કરી તે શરતમાં ભાગ લેવાની પરવાનગી માંગી, પરંતુ મહારાણીએ ધર્મના ફરમાનથી બહાર નહી જવા હુકમ કરયાથી તેઓ શરતમાં ભાગ લેતા અટકયા હતા '

ફકીર માટે ફારસીના ચાર અક્ષરો.

જેનાં દરેક અક્ષરનો ગુહ્ય અર્થ થાય છે.

"ફે" એટલે "ફાકો" યાને ગમ ખાઈ જવું દરગુજર કરવી, અથવા સહનશિળતા રાખવી. "કાફ" એટલે "કનાયત" યાને સંતોષ રાખવો. "ય" એટલે 'યાદે ઇલાહી' યાને ખુદાનું નામ—સ્મરણ હંમેશાં ચાલુ રહેવું. "રે" એટલે "રીઆયત" યાને અશોઇ, પરહેજગારી, એટલે તનની, મનની અને કાર્યની પવિત્રાઇ, એ ચાર ઉત્તમ ગુણો જેનામાં હોય તેજ ખરો સાધુ યા ફકીર કહેવાય.

ઇંદ્રીઓના ભોગ ભોગવવાની ઇચ્છા, જેની જતી રહી તેનાં મનની ચીંતા પણ દુર થાય છે અને મનમાં ચીન્તા નહી એટલે મન શાંત થઇ જાય છે અને જેને કાંઇ જોઇતું નથી, યાને જેને કશાંની ગરજ છેજ નહી, તે માણસ રાજાઓથી બી મોટો છે.

સાત ધર્મના સદ્દગુણ.

હાલની આપણી પ્રજાને મુખ્ય ૭ ધરમો બધા મળીને જાણીતા છે અને કુદરતમાં આ સાતનો આંકડો ઘણીક જગ્યાએ દેખાવ આપે છે જેમકે ૭ રંગ, ૭ વાર, ૭ સુર, વગેરે, વગેરે.

હવે આ દરેક ધરમ સ્થાપકોએ જ્યાં જ્યાં ધરમો સ્થાપ્યા છે ત્યાં ત્યાં તે ધરમો અંગીકાર કરનારાઓને મુખ્ય એકુ સદ્દગુણ ઉપર બીજા સદ્દગુણો કરતાં વધારે ભાર મુકી તેને પાળવાનું ફરમાન કરયું છે જેમકે,—

જરથોસ્તીને અશોઈ, હીંદુને ફરજ, મુસલમાનને ઇમાન, ખ્રિસ્તીને Self-Sacrifice પરમારથ; બુદ્ધીસ્તને દયા, ખાલ્ડીયનને દેવતાઓની આરાધના, ચ્યુજીમને રીતસુરી.

એક ભગતે એકવાર પોતાના ચેલાઓને નશિયત કીધી કે; "ચેલાઓ ! યાદ રાખીને તમારા મરણની એક દહાડો અગાઉ ખચિત ઇશ્વર ભક્તિ કરજો." એ ઉપદેશ સાંભળી ચેલાઓ ગભરાટમાં પડી પુછવા લાગ્યા કે; "ગુરૂજી ! અમો કેવારે મરનાર છૈએ તે અમો જાણુતા નથી, તો પછી અમારાં મરણનો આગલો દહાડો અમે કેમ સમજયે ?" ભગતે ધીરજથી ઉત્તર દીધો, "ખરી વાત છે ભાઇઓ ! આપણુને આપણા મરણ વિષે કશી ખબર નથી, કદાચ આપણું મોત કાલેજ આવી ઉભું રહેશે, માટે ચાલો, આજેજ ઇશ્વર ભક્તિ કરવા માંડો. અગરજો કાલે મોત ન આવ્યું તો પરમ દહાડે આવશે એમ સમજી તુર્ત પાછા બંદગી કરો ! બંદગીનું ફળ શું અને દુઃખનું મુળ શું તે તમે જાણુતા નથી. પડેગી જબ બુજેગી."

અદેખાઇ.

અદેખાઇ એ આદમીનો હરહરનો દુશમન છે, અદેખાઇની આગ બહુ જલદ છે અને અદેખાઇનો કીડો અનદીથ છે જે માણુસનું છુપી રીતે દીલ કારાને લોહી ચુસી લીએ છે. અદેખાઇનો રોગી સદા કાએમ પોતાનાં સીનાને બાલી કબાબ કરે છે, સામાનું સુખ જોવાઇ ન શકાવાથી ફોકટમાં પોતાની આંખોમાં આતશનું પજરણુ રાખી તે અદેખાઇની આગમાં પજરી પજરીને પુરો થાએ છે.

અદેખું આદમી પોતે પોતાનું દુશમેન છે. પોતાથી ચઢતાઓની ચઢતી જોઇ તે મુજબ કરવાની પોતે કોશેશ કરતાં નથી કે કોઇબી તદબીરથી પોતાને સુખી રાખવાનાં ઉપાયો સોધતાં નથી પણ નાહેક અદેખાઇનાં આતશમાં બલી જલીને પોતે પોતાને ખુવાર કરે છે. એટલુ જ નહીં પણ બીજાનો નજરમાં તેઓ તકસીરવાર ઠરે છે.

આ "પુસ્તક" બા જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઓરફનેજ કંપનન પ્રિતોગ વર્કસ, નંબર ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મેહેરજી બેરામજી મીઠાઇવાલાએ છાપ્યું છે, અને મી૦ દી. મે. ઈરાનીએ પુણા સચાપીર સ્ટ્રીટ, મધે પોતાને માટે પ્રગટ કીધું છે.

(હાફ્ઝિની સતરોનો તરજુમો)

૧. આ જગતમાં હું એવું જોઉંછું કે તમામ પૃથ્વીમાં કંકાસ, કજીઓ, શોરબકોર, પોકાર તથા ફરીયાદ ભરેલી છે.

૨. ભાઇ ભાઇઓપર મેહેરબાની કરતા જોવામાં આવતા નથી, અને બાપ પોતાના છોકરાંપર રેહેમ રાખતો નથી.

૩ છોકરીઓ પોતાની માતા સાથે લડાઇ, અને કજીઓ કરેછે, અને છોકરાંઓને પોતાના પીતાજીનું ભુડું ઇચ્છનાર જોઉંછું.

૪. અરબી ઘોડાઓ જીનના ભારથી જખમ ભરેલા થઇ જાયછે, અને સોનેરી હાંસડી ગધેડાઓની ગરદનની ઉપરજોઉં છુ.

૫. હરએક જણુ શુભ દહાડો જોવાને સારૂ ખાહેશ રાખેછે, તેનું કારણુ એ છે કે હરેક દીવસ અને વખત ખરાબ આવતો જાયછે.

૬. અરો સાહેબ "હાફ્ઝિ"ની શીખામણુને સાંભળો, અને જઇને નેકી કરો, કારણુ કે એ નસીહતને હુ ઝવેરાત તથા મોતીયાથી વધારે કિંમતની જોઉછું.

યસ્તો ભણવાના ફાયદા.

દરેક માણસ ચોકસ મુદત સુધી ચોકસ અસર તળે રહે છે. આ વખતે માણસમાં સદગુણ કે દુર્ગુણ બહાર આવે છે, તે ચોકસ સુખ કે દુઃખને આધીન થાય છે મન"પર આધાર રાખી બેસી રહેવાનું જ ધર્મ કહેતો નથી. પણ માણસે કોશેશ કરી પોતાના હાલત મિનોઈ વૃદ્ધિ માટે ઉંચે અને ઉંચે ચઢાવવા ને કહે છે તેથી જે ગૃહને પ્રબળ હોય તે ગૃહને માટે ફરવાલી યસ્ત તેટલો વખત ભણવું.

"બુન્દેહશ" ઉપરથી જોવામાં આવશે કે અસલ જ્યોતિષ શાસ્ત્ર ધર્મનો એક ભાગ ગણાતો; અને આજે પણ જ્યોતિષીઓ જુદા જુદા ગૃહોની ચાલ માટે નીચે મુજબ નિયાએશો અથવા યસ્તો ભણવા ફરમાવે છેઃ—

રવી—ખોરશેદ	બરેસ્પતી—અહુરમજ્દ
ચંદ્ર—મોહોર	શુક્ર—અમરદાદ
મંગળ—બેહરામ	શની—સ્પંદારમંદ
બુધ—તીર	રાહુ—હફ્તુંગ.